અમદાવાદ, બુધવાર, તા. ૧૮ માર્ચ, ૨૦૨૬

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

# પૌષક લિમિટેડ

CIN: L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઑફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ 003
ફોનઃ +૯૧ ૨૬૫ ૬૬૩૭૦૦૦ • ઈ–મેલ : investors@paushak.com
વેબસાઇટઃ www.paushak.com

## સભ્યોને પોસ્ટલ બેલેટ અને ઇ-વૉટિંગ સુવિધા આપવા બાબતની નોટીસ

સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને ૧૧૦ અને અન્ય લાગુ પડતી કલમોની સાથે વંચાતા કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪, ના નિયમ ૨૦ અને ૨૨ ની જોગવાઈઓ અન્વયે, કોર્પોરેટ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નંબર ૧૭/૨૦૨૦, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ના સામાન્ય પરિપત્ર નંબર ૦૯/૨૦૨૪ નવીનતમ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના સામાન્ય પરિપત્ર નંબર ૦૩/૨૦૨૫ અને અન્ય સંબંધિત પરિપત્રોની સાથે વંચાતા (સામૂહિક રીતે ''એમસીએ પરિપત્રો''), સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૪, જનરલ મિટીંગ્સ માટેના સેક્રેટેરીયલ સ્ટાન્ડર્ડ ("SS-2") ઈન્ડિસ્ટટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ અને અન્ય લાગુ કાયદા, નિયમો અને વિનિયમો (કોઈપણ વૈધાનિક ફેરફાર, સંશોધન અથવા તેના પુનઃ અધિનિયમ સહિત), કંપનીએ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ ("NSDL") મારફતે તારીખ ૧૦મી માર્ચ, ૨૦૨૬ ની પોસ્ટલ બેલેટ નોટિસ (''નોટિસ'') ઇ-મેલ દ્વારા મંગળવાર, ૧૭મી માર્ચ, ૨૦૨૬ ના રોજ સભ્યોને ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત ઠરાવોના સંદર્ભમાં તેમની મંજૂરી માટે મોકલેલ છે.

એમસીએ પરિપત્રોનું પાલન કરતા, આ નોટિસ ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે જ સભ્યોને મોકલવામાં આવેલ છે, જેમના નામ ડિપોઝિટરીઝમાંથી મેળવેલ રજીસ્ટર ઑફ મેમ્બર્સ / લાભાર્થી માલિકોની સૂચિ માં શુક્રવાર, ૧૩મી માર્ચ, ૨૦૨૬ (''કટ-ઑફ તારીખ'') ના રોજ દર્શાવેલ છે, અને જેમના ઇ-મેલ એડ્રેસ કંપની/ ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. સભ્યોના મતાધિકાર કટ-ઑફ તારીખના રોજ કંપનીની પેઇડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં રાખવામાં આવેલ તેમના ઈક્વિટી શેરના પ્રમાણમાં રહેશે. કટ-ઑફ તારીખ પછી સભ્ય બનેલા વ્યક્તિએ આ નોટિસને ફક્ત માહિતીના હેતુ માટે ગણવી જોઈએ.

વધુમાં, એમસીએ પરિપત્રોનું પાલન કરતા, કંપનીએ સભ્યો માટે તેમના ઇ-મેલ એડ્રેસની નોંધણી કરાવવા માટે જરૂરી વ્યવસ્થા કરી છે. જે સભ્યોએ તેમના ઇ-મેલ એડ્રેસ રજીસ્ટર કર્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ (i) જો શેર ડીમેટ મોડમાં ધરાવતા હોય, તો ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ("DP") સાથે નોંધણી કરાવે, જ્યાં તેમના ડીમેટ એકાઉન્ટ્સ છે, અને (ii) જો શેર ફીઝીકલ મોડમાં ધરાવતા હોય તો કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ, MUFG Intime India Private Limited ("MIIPL") ને સહાયક દસ્તાવેજો સાથે નિર્ધારિત ISR-1 ફોર્મેટમાં તેઓના KYC વિગતો સબમિટ કરીને નોંધણી કરાવે. આ ફોર્મ કંપનીની વેબસાઇટ https://www.paushak.com/investor-relation.aspx પર અને MIIPL ની વેબસાઈટ https://web.in.mpms.mufg.com/KYC-downloads.html પર ઉપલબ્ધ છે.

સદર નોટીસ કંપનીની વેબસાઇટ www.paushak.com ઉપર, સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ બીએસઈ લિમિટેડ www.bseindia.com ઉપર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ www.nseindia.com ઉપર અને NSDL ની વેબસાઇટ www.evoting.nsdl.com ઉપર પણ ઉપલબ્ધ છે.

સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની સંમતિ અથવા અસંમતિ માત્ર ઇ-વૉટિંગ દ્વારા આપે. સભ્યોને ઇ-વૉટિંગની સુવિધા પૂરી પાડવા માટે કંપનીએ NSDL ને રોકેલ છે, જેથી તેઓ ઈલેક્ટ્રોનિકલી પોતાનો મત આપી શકે. ઇ-વૉટિંગ સંબંધિત મહત્વની વિગતો અહીં નીચે આપવામાં આવી છેઃ

| | |
|---|---|
| ઇ-વૉટિંગનો સમયગાળો શરૂ થશે | ગુરૂવાર, ૧૯મી માર્ચ, ૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ કલાકે IST. |
| ઇ-વૉટિંગનો સમયગાળો સમાપ્ત થશે | શુક્રવાર, ૧૭મી એપ્રિલ, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે IST.<br>ત્યારબાદ NSDL દ્વારા ઇ-વૉટિંગ મોડ્યુલને બંધ કરવામાં આવશે. |

એક વખત ઠરાવ પર મત આપ્યા બાદ, સભ્યોને તેને બદલવા અથવા ફરીથી મત આપવા દેવામાં આવશે નહીં.

ઇ-વૉટિંગ માટેની સૂચનાઓ નોટિસમાં આપવામાં આવી છે. ઉપરોક્ત નોટિસમાં એવા સભ્યો માટે લોગિન ક્રેડેન્શિયલ સંબંધિત સૂચનાઓ પણ શામેલ છે, જે ફીઝીકલ મોડમાં અથવા ડીમેટ મોડમાં શેર ધરાવે છે અને જેમણે કંપની અથવા તેમના DP સાથે તેમના ઇ-મેલ એડ્રેસની નોંધણી કરાવી નથી.

ઇ-વૉટિંગ સાથે સંકળાયેલા કોઈપણ પ્રશ્નો / ફરિયાદો હોય; તો તમે NSDL ની વેબસાઇટ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs), અને સભ્યો માટે ઇ-વૉટિંગ યુઝર મેન્યુઅલનો સંદર્ભ લઈશકો છો અથવા ટોલ ફ્રી નંબરઃ ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ ઉપર કૉલ કરી શકો છો અથવા કુમારી પલ્લવી મ્હાત્રે, AVP, NSDL ને evoting@nsdl.com ઉપર વિનંતી મોકલી શકો છો.

**પૌષક લિમિટેડ વતી,**

સહી/-

**સ્થળ :** વડોદરા **સાગર ગાંધી**

**તારીખ : ૧૭મી માર્ચ, ૨૦૨૬** **કંપની સેક્રેટરી**